કેસ દાખલ કર્યા તા. : ૧૨/૦૪/૨૦૨૨
કેસ રજી. કર્યા તા. : ૧૨/૦૪/૨૦૨૨
કેસ ફેંસલ કર્યા તા. : ૧૫/૦૪/૨૦૨૬
અવધિ : ૦૪–૦૦–૦૬.

# મહે. એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ધંધુકા.

ફો. પ. અરજી નં.– ૨૬/૨૦૨૨

આંક :

**અરજદાર :** મંજુલાબેન બળવંતભાઈ પ્રજાપતિ,
રહે. અંબાપુરા, નંબરમાં તા. ધંધુકા, જી. અમદાવાદ.

**વિરૂધ્ધ :–**

**સામાવાળા :** બળવંતભાઈ છગનભાઈ ખસતિયા
રહે. રાયકા, તા. ધંધુકા, જી. અમદાવાદ
હાલ રહે. ધંધુકા, વલ્લભાચાર્ય સોસાયટીમાં,
કોલેજ પાસે, તા. બોટાદ, જી. બોટાદ.

બાબત:–કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ હેઠળની અરજી.

અરજદાર પક્ષે:– વિ.વ.શ્રી એસ. કે. તલાટ
સામાવાળા પક્ષે:– વિ.વ.શ્રી આઈ. યુ. દેસાઈ

## –:(( હુકમ )):–

(૦૧) આ કામની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારે આ કામનાં સામાવાળા વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૨ અન્વયે અત્રેની કોર્ટમાં ક્રિ. પ. અ. નં. ૨૨૦ / ૨૦૧૨ દાખલ કરેલ. જેમાં નામ. કોર્ટ દ્રારા તા. ૦૧/૦૪/૨૦૧૭ ના રોજ હુકમ થયેલ છે. જેમાં નામ.

કોર્ટ દ્રારા **આ કામના સામાવાળાએ અરજદારના સ્ટેટસ પ્રમાણે રહેઠાંણી વ્યવસ્થા કરી આપવી** તેવો હુકમ કરેલ છે. પરંતુ આ કામના સામાવાળાએ સદરહું હુકમ બાદ આજદિન સુધી અરજદારના સ્ટેટસ મુજબ તેઓના રહેણાંકની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી અરજદારે સદરહું અરજી કરી તેઓના સ્ટેટસ મુજબ રહેઠાંણની વ્યવસ્થા કરી આપવા અથવા ક્રિ. પ. અ. નં. ૨૨૦ / ૨૦૧૨ દાખલ કર્યા ત્યારથી માસીક રૂ. ૫,૦૦૦/– અરજદારને ચુકવી આપે તેવો હુકર કરવા અરજ ગુજારેલી છે.

અરજદાર વધુમાં જણાવે છે કે, અત્રેની કચેરીની ક્રિ. પ. અ. નં. ૨૨૦/૨૦૧૨ માં અરજદારને આ કામના સામાવાળાએ અરજદારના સ્ટેટસ મુજબ રહેઠાંણની વ્યવસ્થા કરી આપવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે હુકમ સામે આ કામના સામાવાળાએ નામદાર સેશન્સ કોર્ટમાં ક્રિમીનલ અપીલ નં. ૮૫ / ૨૦૧૭ થી અપીલ દાખલ કરેલ હતી. તેમજ આ કામના અરજદારે નામ. સેશન્સ કોર્ટ સમક્ષ ક્રિમીનલ અપીલ નં. ૧૧૬ /૨૦૧૭ જે બન્ને સદરહું ક્રિમીનલ અપીલો નામ. સેશન્સ કોર્ટ દ્રારા હુકમ કરતાં તે હુકમ વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ હતી. નામ. ગુજરાત હાઈકોર્ટે તે હુકમ સેટે સાઈડ કરી ફરીથી ચલાવવા અપીલ રીમાન્ડ બેક કરેલ. જેથી નામ. એપેલટ કોર્ટ દ્રારા તે બન્ને અપીલો ફરીથી ચલાવી તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હુકમ કરેલ. જેમાં મુખ્ય ફો. પ. અ. ૨૨૦ / ૨૦૧૨ ના કામે થયેલ હુકમ કાયમ રાખવાનો હુકમ કરેલ અને બન્ને અપીલો એટલે અપીલ નં. ૮૫/૨૦૧૭ તથા ૧૧૬ / ૨૦૧૭ નામંજુર કરવાનો હુકમ કરેલ. જેથી અરજદાર જે પરીસ્થીતીમાં હતા તે સ્થીતીમાં પરત આવી ગયેલ અને અરજદાર માટે કોઈ મકાનની વ્યવસ્થા થયેલ નહિ અને જો ન થાય તો પ્રતિમાસ ભાડા પેટે કેટલી રકમ

ચુકવવી તે પણ નકિક થયેલ નહિ. વધુમાં ફો. પ. અ. નં. ૨૨૦/૨૦૧૨ માં થયેલ હુકમ મુજબ આજદિન સુધી અરજદારને તેઓના સ્ટેટસ મુજબ રહેઠાં ણની વ્યવસ્થા થયેલ ન હોય હાલની અરજી કરેલ છે અને સદર અરજીમાં કાયદાની કલમ–૧૯ મુજબ મકાનની વ્યવસ્થા કરવા અથવા વિકલ્પે પ્ર તીમાસ ભાડાની રકમ નકકી કરવાની દાદ મેળવવા માટે હાલની અરજીની વિગતે અરજ ગુજારેલ છે.

(૦૨) આ કામે સામાવાળાએ અરજદારની અરજી સામે જવાબ રજુ કરી જણાવે છે કે, તેઓ અરજદાર દ્રારા ક્રિ. પ્રો. કોડની કલમ ૧૨૫ મુજબની અલગથી કાર્યવાહિ કરવામાં આવેલ. જેમાં નામ. કોર્ટ દ્રારા ભરણ પોષણ પેટે રૂ. ૩,૦૦૦/– હુકમ કરેલ તેનુ તેઓ નિયમીતપણે પાલન કરે છે. વધુમાં નામ. કોર્ટનાં ઘરેલું હિંસા અન્વયેના હુકમ મુજબ દર માસના રૂ. ૨,૦૦૦/– અલગથી અરજદારને તેઓ નિયમીતપણે ચુકવતા આવેલ હોવાનું જણાવે છે.

(૦૩) આ કામે અરજદાર દ્રારા સામાવાળા તરફથી મકાનની વ્યવસ્થા કરવા વિકલ્પે મકાન ભાડા પેટે યોગ્ય રકમ ચુકવવા અરજ ગુજારેલી છે. વધુમાં આ કામના અરજદારે સામાવાળાનાં સંયુકત તથા સ્વતંત્ર મિલકતનાં પુરાવાઓ રજુ કરેલ છે. જેમાં નિશાની ૨૩/૧ થી ૨૩/૩ થી સામાવાળાની સંયુકત તથા સ્વતંત્ર રીતે ધરવતા ખેતીની જમીન ગામ નમુના નંબર ૭ અને ૮–અ ની નકલો તથા નિ. ૨૩/૪ થી ૨૩/૭ થી ખુલ્લા પ્લોટનું પ્ર ોપર્ટી કાર્ડ અને આકારણી દાખલા રજુ કરેલ છે. વધુમાં નિશાની ૨૩/૮ થી વાસ્તુ પુજનની નિમત્રંણ પત્રીકાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જેમાં નિમં

ત્રક તરીકે સામાવાળાનું નામ તથા સરનામું ધંધુકા મુકામેનું જણાવેલ છે. આથી સદરહું સામાવાળા ધંધુકા મુકામે રહેતા હોવાનું જણાઈ આવે છે. આથી અરજદારને સ્ટેટસ મુજબ ધંધુકા નગર વિસ્તાર મુજબ રહેઠાંણના ભાડાની રકમ મળે તે જરૂરી છે.

(૦૪) આ કામે બન્ને પક્ષોને સાંભળ્યા. આ કામે ક્રિ. પ. અ. નં. ૨૨૦/૨૦૧૨ ના હુકમ મુજબ આ કામના સામાવાળાએ અરજદારના સ્ટેટસ મુજબ રહેઠાણની વ્યવસ્થા કરી આપવા ગુજારેલી છે. આ તબકકે નિ. ૨૩/૧ થી ૨૩/૮ મુજબ રજુ દસ્તાવેજો જોતાં અરજદારને પણ ધંધુકા નગર વિસ્તાર મુજબ રહેઠાંણના ભાડાની રકમ મળે તે જરૂરી છે. તેમજ આ કામના સામાવાળાએ આજદિન સુધી અરજદાર માટે કોઈ રહેઠાંણની વ્યવસ્થા કરેલ નહિ હોવાની હકિકત રેકર્ડ પરથી જણાઈ આવે છે. જેથી અરજદારે હાલની અરજીમાં ઘરેલું હિંસાના કાયદાની કલમ-૧૯ મુજબ રહેઠાંણના આદેશ માટેની જે દાદ માંગેલ છે તે સબંધે કલમ-૧૨ ની પેટા કલમ-(૧) હેઠળની અરજીનો નિકાલ કરતી વખતે, કૌટુંબિક હિંસા થયાનું જણાઈ આવતા, મેજીસ્ટ્રેટ રહેણાંકનો આદેશ આપી શકે છે જે (એફ) જો સંજોગોની જરૂરીયાત હોય તો પીડીત વ્યકિતને તે સં યુકત ઘરમાં જે રીતે રહેતી હતી તે સ્થળનો વૈકલ્પિક ઘર પુરુ પાડવાનો અથવા તો આવા ઘરનું ભાડુ ચુકવવાનો પ્રતિવાદીને આદેશ આપી શકશે તે સબંધે હાલના કામે પક્ષકાર તરફથી રજુ થયેલ પુરાવો સમગ્ર રીતે વંચાણે લેવામાં આવે તો આ કામના સામાવાળાએ અરજદાર માટે રહેણાંક માટેની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે સદર કાયદાની કલમ-૧૯ (૧)(એફ) ધ્યાને લેવામાં આવે તો સામાવાળાઓ જે મકાનમાં રહે છે તે મકાનમાં રહેવાની સગવડ

કરી આપવામાં આવે તો તેનાથી ભવિષ્યમાં વધારે લીટીગેશન ઉભા થવાની શકયતા નકારી શકાય તેમ હોય તે તમામ સંજોગો જોતાં, અરજદારને મકાન ભાડાપેટે હાલની વર્તમાન પરિસ્થિતિ જોતાં દર માસે રૂ. ૨,૦૦૦/-(અંકે રૂ. બે હજાર પુરા) મકાનભાડાની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી હોવાનું આ અદાલતનું માનવું છે.

**<u>//હુ ક મ//</u>**

(૧) આથી અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) આથી આ કામના સામાવાળાઓને ધરેલું હીંસાના કાયદાની કલમ-૧૯ અન્વયે ૨૨૦/૨૦૧૨ ની અરજી દાખલ થયે તારીખથી આ કામના સામાવાળાએ અરજદારને મકાનના ભાડા પેટે પ્રતિમાસ રૂ. ૨,૦૦૦/- ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૫/૦૪/૨૦૨૬
સ્થળ: ધંધુકા

**(વાય. આઈ. શેખ)**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને**
**એડી. ચિફ જયુડી.મેજીસ્ટેટ,ધંધુકા.**
**Code No - GJ 00967**

***V. D. JOGRANA***